ગાંધીનગર વણકર સમાજ ઉપવાસ આંદોલન બાબતે પુર્વ સાંસદશ્રી રતિલાલ વર્માની અધ્યક્ષતામાં 150 થી યે વધુ વણકર હિંતચિંતકો / આગેવાનોની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે યોજાયેલ તારીખઃ 7-જાન્યુ-2014 ની ચિંતન બેઠકનુ વૃત્ત [શબ્દાંકન: શ્રી મુળચંદ રાણા તારીખઃ 8-જાન્યુ-2014]

# બેઠક્ની એક ઝાંખી







**ગાંધીનગર વણકર સમાજ ઉપવાસ આંદોલન બાબતે પુર્વ સાંસદશ્રી રતિલાલ વર્માની અધ્યક્ષતામાં 150 થી યે વધુ વણકર હિંતચિંતકો / આગેવાનોની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે યોજાયેલ તારીખઃ 7-જાન્યુ-2014 ની ચિંતન બેઠકનુ વૃત્ત [શબ્દાંકન: શ્રી મુળચંદ રાણા તારીખઃ 8-જાન્યુ-2014]**

# બેઠકમાં ઉપસ્થીત લોકોના વિચારો

**રતિલાલજી વર્મા** :

વણકરો માટે જમીનનો પ્રશ્ન સાચો છે. જમીન મળવી જ જોઇએ. વર્ષોથી જમીન માગવાનો સીલસીલો ચાલુ છે. ગુજરાત વણકર સેવા સમાજ ઉપરાંત અન્ય 80 જેટલી સંસ્થાઓની અરજીઓ સરકારમાં પેન્ડીંગ છે. વર્ષો પહેલાં ગાંધીનગર ટાઉનહોલમાં સંમેલન થયેલ, જેના કન્વીનર તરીકે હું હતો. આ માટે જીલ્લે જીલ્લે અમે 15/20 કાર્યકર્તાઓએ પ્રવાસ શરૂ કર્યો હતો. રાજકોટ, જામનગર, દ્વારકા, કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા જીલ્લાઓની મુલાકાત લીધેલી. ખુબ જ ભવ્ય સ્વાગત થતાં. ત્યારબાદની ગત વર્ષની એક બેઠકમાં વીર માયા રથ કાઢવાનો પ્રસ્તાવ મુકાયો. જેમાં ફન્ડફાળાનો આશય હતો. મેં એનો વિરોધ કરેલો. બસ, પછી તો ધરણાં શરું થયાં. ફન્ડફાળા પણ ઉઘરાવવાના શરુ થયા. મહેસુલ મંત્રીશ્રી આનંદીબહેને નદી પાર ભુમિની ઓફર કરી. સુપ્રીમ કોર્ટના એક ચુકાદાના કારણે MP/MLAને પણ ગાંધીનગરમાં ભુમિ ફાળવી શકાતી નથી, એ જણાવ્યું. ડિસે. 2013થી રમણલાલના કાર્યક્રમોમાં વિરોધ દેખાવો શરુ થયા.

**ગીરીશભાઇ પરમાર**:

ગુજરાત વણકર સેવા સમાજ દ્વારા સરકારને લખેલા એક પત્રમાં જણાવેલ છે કે જો ગાંધીનગર વણકર સમાજને ભુમિ મળશે તો તેઓ એના વિરોધમાં કોર્ટનો આશરો લેશે. આપણે એક પ્રતિનિધિમંડળ સ્વરુપે મુખ્યમંત્રીશ્રીને મળીયે. વાણી વિલાસ નહિ ચાલે. અત્યારે ચાલતી પ્રવુત્તિઓ સામે સમાજે આગળ આવવું જોઇએ.

**ડો. જીવરાજ ચૌહાણ**:

મંત્રીશ્રી રમણલાલને બદનામ કરવાનો આ મુવમેન્ટનો આશય છે. વીર મેઘ માયા ભવન અમને મંજુર છે. સરકાર પણ પોઝીટીવ છે. ટાગોર હોલમાં હાય હાય બોલાય એ ખુબ જ ખરાબ છે. આની સામે, હવે આપણે ફેડરેશન બનાવવું જોઇએ. આપણે પણ સામે સંઘર્ષ કરવો જોઇએ. આ જ પેટર્નથી નિર્મીત થયેલ વડોદરામાં ડો. આંબેડકર ભવન માત્ર આઠ લોકોના હાથમાં જકડાયેલું છે.

**મુળચંદ રાણા**:

આ ઇસ્યુમાં ગાંધીનગર વણકર સમાજ સાથે શરુઆતથી જ મદદરુપ થવાના આશયથી સંકળાયેલ છું. પી જે પરમાર અને ટીમની કિશોરભાઇ મકવાણા થકી માન. મુખ્યમંત્રીશ્રી સાથે સીધી મુલાકાત પણ ગોઠવી

અપાવેલી, જેમાં હૈયાધારણ પણ આપવામાં આવેલી. દિ: 2/1/2014ના રોજ છાવણીમાં જઇને વયોવૃધ્ધોને ઉપવાસમાંથી બાકાત રાખવા, ગીફ્ટસીટી પાસે ઓફર થયેલ ભુમિને સ્વીકારવા, એકલા માત્ર ગાંધીનગરના જ લોકો સદસ્ય બની શકે એવા બંધારણવાળી ગાંધીનગર વણકર સમાજ સંસ્થાને બદલે સમગ્ર ગુજરાતના વણકરોને આવરતી સંસ્થાને જમીન મળે એ વિચારણા કરવા અને સરકાર પોઝીટીવ હોઇ, હાલ પુરતું આંદોલન સંકેલવા વિનંતિ કરેલ. મારી આ લાગણીમાં પુ. ઝાંઝરકા મહન્ત અને કિશોરભાઇ મકવાણા મારી સાથે છે, એ પણ ત્યાં જણાવ્યું. પણ મારા તમામ પ્રસ્તાવો પર પ્રમુખશ્રી પી જે પરમાર દ્વારા ધરાર ઇન્કાર કરી દેવામાં આવેલ. આના પરથી આ આંદોલનના આગેવાનોના ઇરાદા સમજી શકાય છે.

**જયંત દેસાઇ:**

આપણે પણ હવે વિરોધનો સુર વહેતો કરવો જોઇએ. આ માટે એક અભિયાન જારી કરવું જોઇએ.

**મગનભાઇ પરમાર:**

દાણીલીમડાના હોલની સમસ્યા આવા લોકો જ દ્વારા વ્યક્તિગત માંગણીઓ આગળ કરી ઉભી કરાઇ હતી. કમનસીબે, આ હોલ સમાજના હાથમાંથી નીકળી જઇ અમદાવાદ મ્યુનિ. કોર્પો. હસ્તક ગયો.

**નરેશ વ્યાસ :**

એવી લાગણી પ્રવર્તે છે કે 282 વાળા ગાંધીનગરમાં ભુમિ માગે છે. પક્ષાપક્ષીથી પર એવું ફેડરેશન બનાવીયે.

**બાબુભાઇ વણકર:**

આખા ગુજરાતના વણકરો વતી કમીટી બનાવીયે અને સીએમ સાહેબને મળીયે.

**નરેન્દ્ર વોરા:**

આ અભિયાનમાં અમારું સમર્થન છે.

**પ્રહલાદ ચૌહાણ:**

આ અભિયાનમાં અમારું સમર્થન છે.

**નરેશ પરમાર:**

આ અભિયાનમાં અમારું સમર્થન છે.

**દિનેશ મકવાણા:**

સરકારમાંના આપણા પ્રતિનિધી સામે આવું વર્તન બરાબર નથી, જે ચલાવી લેવાય નહિ. આમાં મુળભુત હેતું ડાયવર્ટ ન થાય એ પણ જોવું જોઇએ. એમની માંગણીઓ સંતોષી શકાય નહિ. દરેક જીલ્લાનુ પ્રતિનિધિત્વ હોવું જોઇએ.

**કાંતિભાઇ પરમાર:**

અગાઉ, ગાંધીનગર વણકર વસાહતી સંસ્થા અસ્તીત્વમાં હતી જ. તેમ છતાં આ નવી સંસ્થાની સ્થાપના કરવામાં આવી. મંત્રીશ્રી રમણલાલ વોરા સામે અશોભનીય વર્તન ચલાવી લેવાય નહિ.

**અશોક સામેત્રિયા:**

આવા લોકોને મીડિયા દ્વારા ઉઘાડા પાડવા જોઇએ.

**શશી ભોજ (ભાવનગર):**

આ માટે એક Manifesto બનવો જોઇએ. એક નવી વીર માયા સંસ્થાની Formation કરવી જોઇએ. મીડિયા આપણી સારી વાત લેતું નથી. સૌરાષ્ટ્રનો અમારો ટેકો છે. નવી રચના થકી ભુમિ માટે તાત્કાલિત માગણી કરવી જોઇએ.

**રમણભાઇ રાઠોડ (ઉદઘોષક) :**

આ લોકો સાથેનો મારો ચાલીસ વર્ષનો અનુભવ છે. એ લોકો ધારે એ જ એમની સંસ્થામાં રહી શકે.

અપને કર્મો પર કોઇ એહમ ન હોના ચાહીયે, ઓરોકે કર્મોકા બહેસ ન હોના ચાહીયે
લેકીન, જીન ગદ્દારોને હમેં મઝદારમેં લુંટા હૈ, ઉન પર કોઇ રહેમ ન હોની ચાહીયે.

**જનબન્ધુ કોસંબી:**

વણકર સમાજ નાનુ મહાજન કહેવાય છે. રોહિત સમાજને કેવી રીતે ભુમિ મળી એ પણ જોવું જોઇએ. એમણે સંત રોહિદાસના નામે ભુમિ માગી. ગાંધીનગર વણકર સમાજના જુઠાણાઓનો પર્દાફાશ કરવો જોઇએ.

**ગાંધીનગર વણકર સમાજ ઉપવાસ આંદોલન બાબતે પુર્વ સાંસદશ્રી રતિલાલ વર્માની અધ્યક્ષતામાં 150 થી યે વધુ વણકર હિંતચિંતકો / આગેવાનોની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે યોજાયેલ તારીખઃ 7-જાન્યુ-2014 ની ચિંતન બેઠકનુ વૃત્ત [શબ્દાંકન: શ્રી મુળચંદ રાણા તારીખઃ 8-જાન્યુ-2014]**

**નરોત્તમભાઇ** (ગાંધીનગર) :

2008માં ગાંધીનગર વણકર સમાજની સ્થાપના થઇ. ગુજરાત વણકર સેવા સમાજ (GVSS), અમદાવાદના ગાંધીનગર એકમ દ્વાર વર્ષ 1996માં ભુમિની માગણી કરવામાં આવેલી. GVSSની અરજી પર ભુમિ આપવાનું નોટીંગ પણ સરકારી દફ્તરે છે. નવી સંસ્થા બનાવવાથી મુશ્કેલીઓ વધશે, તેથી GVSSના નામે ભુમિ મળે એ માટે પ્રયત્ન કરીયે.

**સંદીપ જ્યોતિકર** :

ભુમિ ફાળવણી બાબતે સુપ્રીમ કોર્ટનો મનાઇ હુકમ છે. ઉપવાસ આંદોલનના આયોજકો આ હકીકત સારી રીતે જાણે છે અને સમાજને ગેરમાર્ગે દોરે છે. અત્યારે ઉકળતો ચરૂં છે. આ લોકો મંત્રીશ્રી રમણલાલ વોરાને બદનામ કરી રહ્યા છે. આ તબક્કે મંત્રીશ્રી રમણલાલ વોરાનાં કેટલાક સમાજલક્ષી કાર્યોની પણ નોંધ લેવી પડે.

- સહકાર મંત્રી હતા, ત્યારે બધી જ સહકારી મંડળીઓમાં અનુ. જાતિ/જનજાતિના પ્રતિનિધીત્વ માટે અનામત જોગવાઇઓ કરી.
- શિક્ષણમંત્રી હતા, ત્યારે શિક્ષકોની ભરતીનું બે વાર બીલ લાવ્યા. બધા જ વિધાયકો એક થઇ ગયા. બીલ પસાર ન થયું. એટલે તેઓ મુખ્યમંત્રીશ્રીને મળ્યા. બીલ પસાર કરાવ્યું. શિક્ષકોની ભરતી માટેનું કેન્દ્રીય બોર્ડ બનાવડાવ્યું. ખાનગી સંચાલકો છેક સુપ્રીમ કોર્ટ સુધી ગયા. પછીની સરકારમાં શિક્ષણ મંત્રીપદેથી સામાજિક ન્યાયમાં એમને ખસેડાવાનું આ જ કારણ હતું.
- મંત્રીશ્રી રમણલાલ વોરાનાં પ્રયાસો થકી જ રોસ્ટરમાં સુધારો થતાં આપણા કર્મચારીઓને થતો અન્યાય દુર થયો.
- શ્રમ મંત્રી હતા ત્યારે ગ્રુપ ઇન્સ્યોરન્સ યોજનામાં અસંગઠિત મજુરોનો સમાવેશ કરાવ્યો. આવા મજુરોમાં મહદ આપણા જ લોકો હોય છે.
- અનામતમાં મેરિટ ગણતરી બાબતની વિસંગતતા દુર કરી, જેના કારણે આપણા હજારો ઉમેદવારો અનામત ઉપરાંત મેરિટ હેઠળ સામાન્ય ઉમેદવાર તરીકે પણ પસંદગી પામવા લાગ્યા.
- 282 વણકર સમાજ નંદાસણ મુકામે મળ્યો ત્યારે તેમણે ટ્યુબવેલથી માંડીને તમામ સુવિધાઓ સમાજને પુરી પાડી હતી.

**જી ટી સીંધવ**

**ગાંધીનગર વણકર સમાજ ઉપવાસ આંદોલન બાબતે પુર્વ સાંસદશ્રી રતિલાલ વર્માની અધ્યક્ષતામાં 150 થી યે વધુ વણકર હિંતચિંતકો / આગેવાનોની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે યોજાયેલ તારીખઃ 7-જાન્યુ-2014 ની ચિંતન બેઠકનુ વૃત્ત [શબ્દાંકન: શ્રી મુળચંદ રાણા તારીખઃ 8-જાન્યુ-2014]**

ગાંધીનગર વણકર સમાજનો હું ઉપપ્રમુખ હતો. આ સંસ્થા બિનલોકશાહી ઢબે ચાલે છે. પોતાની જાતે આ લોકો ટ્રસ્ટીઓ બની બેઠા છે. દરેક તાલુકામાંથી સો સો લોકો લાવી સીએમની ઉપસ્થિતિમાં સંમેલન કરવું જોઇએ.

**કમલેશ પટેલ** :(ઇસનપુર)
વ્યક્તિગત દુશમની હોય એમ આ લોકો વર્તી રહ્યા છે.

**લાલજીભાઇ પરમાર**
ફેડરેશન બનાવો. આજે કન્વીનર નીમો.

**મોહનભાઇ બોરીચા**: (ભાવનગર)
રાજ્યભરમાં મોટું ષડયંત્ર ચાલે છે. આવા આંદોલનોને પૈસા આપનારા પણ છે.

**જયંતિભાઇ સુતરીયા**:
સરકારની કર્મચારીઓને ભુમિ ફાળવણી બાબતની વારંવાર બદલાતી નીતિને પડકારતી હાઇકોર્ટ પીટીશનનો જ્યાં સુધી નિકાલ ન આવે ત્યાં સુધી કોઇ નિર્ણય ન લેવો એવો હાઇકોર્ટનો મનાઇહુકમ છે. ભુમિ ખરીદી માટે ખાનગી રાહે પણ મંત્રીશ્રી રમણલાલ વોરાનાં સહકારથી પ્રયાસો કરેલા, પણ ઉંચી કિંમતોના કારણે પાછા પડ્યા. આંદોલનકારીઓ પૈકી એકે અમદાવાદમાં બે સહકરી મંડળીઓ બનાવી, પોતાની દીકરીઓને નોકરીએ રાખી. મંડળીઓ ફડચામાં ગઇ.

**મધુકર પરમાર**:
ગાંધીનગર વણકર સમાજની આ આંદોલનને અંતર્ગત રેલી માટે પોલીસે નાપાડી દીધી હતી, ત્યારે મંત્રીશ્રી રમણલાલ વોરાએ પોલેસને ફોન કરી પરમીશન આપવા કહ્યું અને કોઇપણ વણકરને રેલી દરમ્યાન ઇજા ન થાય એનું ધ્યાન રાખવા કહ્યું.

**ત્રિભુવન તથાગત** :
અહિં એવું વ્યક્ત થઇ રહ્યું છે કે એક ગ્રુપ મંત્રીશ્રી રમણલાલ વોરાનો વિરોધ કરી રહ્યું છે, આખો વણકર સમાજ નહિ. અગાઉની માગણીઓને બદલે સમગ્ર ગુજરાતના વણકરો એક થઇ, વીર માયા ભવન માટે ભુમિ

ફાળવવા વિનંતિ કરે. આપણી પાસે તજગ્નો છે, પણ સુર નોંખા છે. 10/12 મોભી પસંદ કરો. વણકરોનો નેતા તો એક જ હોય.

### ઝવેરભાઇ ચવડા:

ગુજરાત સરકારની કેબિનેટનો ત્રીજા ક્રમનો આપણો વણકર મંત્રી છે, એના માટે આડી અવળી ટીકા ન ચાલે. આજની નવી રચનાના કન્વીનર તરીકે શ્રી રતિલાલ વર્મા હોય.

### ડો. કરશનદાસ સોનેરી:

છાવણી નાંખી, ત્યારથી જ મને દુ:ખ છે. આંદોલન કોની સામે? સરકાર સામે? મંત્રીશ્રી રમણલાલ વોરા સામે? ... રમણલાલ વોરાને મિનિસ્ટર બનાવવાની આપણી તાકાત જ નથી. હવે, જ્યારે એ મિનિસ્ટર છે, તો એમનો લાભ કેવી રીતે લેવો એનો વિચાર કરવો જોઇએ. પી જે પરમાર મારી પાસે આવેલા. મેં એમને કહેલું કે તમે મંત્રીશ્રી રમણલાલ વોરા સામે આંદોલન ચલાવો છો અને જો એમને જવું પડ્યું, તો મિનિસ્ટર કોણ બનશે? વણકરોનાં જુથ પડી ગયાં છે. એટલે હવે વીર માયા ભવન જ બને. કોઇ વયોવૃધ્ધ ઉપવાસીને કંઇક અજુગતું બનશે, તો આપણને પણ અસર થશે. આપણે પણ ઢીલા પડવું પડે. આપણી વચ્ચે ગેરસમજ થઇ છે. મંત્રીશ્રી રમણલાલ વોરા નરમ પડે. ભુમિ માટે નીતિ વિષયક નિર્ણય માટે સરકારમાં રજુઆત કરવી પડે. આનંદેબહેનનો પોર્ટફોલિયો છે, એટલ એમને રજુઆત કરીયે. સરકાર નીતિવિષયક નિર્ણય લેશે એવી એમના દ્વારા જાહેરાત થાય. અત્યારે તો સરકાર એમ જ કહેશે કે તમે બધા એક થઇને આવો. વહેલી તકે ઉકેલ આવે, એવી કોશીષ કરીયે.

### ડો. પી જી જ્યોતિકર:

ગમે તેમ કરીને ઉપવાસીઓને ઉભા કરીયે. કંઇક અજુગતું થશે તો આપણે પણ સહન કરવાનું આવશે. અન્ય સમાજો આપણી હાંસી ઉડાવશે. આપણે મુદરી વાળનારા છીયે. આપણે વડીલો ત્યાં જઇને એમને સમજાવીયે.

**<u>ગાંધીનગર વણકર સમાજ ઉપવાસ આંદોલન બાબતે પુર્વ સાંસદશ્રી રતિલાલ વર્માની અધ્યક્ષતામાં 150 થી યે વધુ વણકર હિંતચિંતકો / આગેવાનોની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે યોજાયેલ તારીખઃ 7-જાન્યુ-2014 ની ચિંતન બેઠકનુ વૃત્ત [શબ્દાંકન: શ્રી મુળચંદ રાણા તારીખઃ 8-જાન્યુ-2014]</u>**

<u>ચર્ચા દરમ્યાન બેં ઠરાવો સર્વાનુમતે પસાર કરવાનું નિશ્ચિત થયું.</u>

1. સમગ્ર વણકર સમાજ મંત્રીશ્રી રમણલાલ વોરા સાથે છે. અને
2. વીર માયા ભવન માટે મંત્રીશ્રી રમણલાલ વોરાને તમામ authority આપવામાં આવે.

ચર્ચામાં સૌની લાગણી મુજબ માન. શ્રી રતિલાલ વર્માજીને સુચિત ફેડરેશનના કન્વીનર તરીકે સર્વનુમતે વરણે કરવામાં આવી અને અન્ય 11 સુચિત કારોબારી સદસ્યોની નિમણુંક કરવા સત્તા આપવામાં આવી.

અંતમાં નીચેના છ મુરબ્બીઓ ઉપવાસી આંદોલન છાવણીએ અત્યારે જઇ, ઉપવાસી વરીષ્ઠોના ઉપવાસ છોડાવવા માટે વિનંતિ કરે.

1. આર કે વર્મા
2. ડો. કરશનદાસ સોનેરી
3. ઝવેરભાઇ ચાવડા
4. ડો. પી જી જ્યોતિકર
5. મુળચંદ સ. રાણા અને
6. ડો. જનબંધુ કોસંબી

ઉપરોક્ત સૌ પ્રતિનિધીઓ એ જ દિવસે સાંજે લગભગ 6.30ના સુમારે ઉપવાસી છાવણીમાં પહોંચ્યા. પ્રમુખશ્રી પી જે પરમારે છાવણીમાં ઉપસ્થિત લગભગ ત્રણસો લોકોની મેદની વચ્ચે સૌનું સ્વાગત કર્યું. ઉપરોક્ત મોટા ભાગના પ્રતિનિધીઓએ માઇક પર ભુમિ પ્રશ્ને પોતાની લાગણી વ્યક્ત કરી અને આંદોલનના અંત માટે વિનંતિ કરી.

પ્રમુખ શ્રી પી જે પરમારે જણાવ્યું કે આંદોલન સમેટવા અમને પેકેજ જણાવો. પ્રતિનિધીઓએ જણાવ્યું કે આવું કોઇ પેકેજ તેઓની પાસે નથી. તેઓ સરકારશ્રી વતી નહિ, પણ આગળની મીટીંગના અનુસંધાનમાં વણકર તરીકે અહિં આવ્યા છે. વાતાવરણ ખુબ જ ઉગ્ર હતું. એકાદ બે મહિલાઓએ પણ આક્રોશ વ્યક્ત કર્યો. એક ઉપવાસીએ જણાવ્યું કે અગાઉ એક જ માયાએ બલીદાન આપ્યું, પણ અહિં અમે બાર ઉપવાસીઓ બલીદાન આપવા તૈયાર છીયે. વણકર પ્રતિનિધીઓ દ્વારા અનેક વાર આજીજી કરવામાં આવી, ભુમિ માટે સરકારમાં સૌ સાથે રજુઆત કરવાની ઓફર પણ કરી. આવનાર પ્રતિનિધીઓ પણ ઉપવાસમાં જોડાઇ જાય એવો છાવણીનો આગ્રહ હતો. કમનસીબે, આંદોલન સંકેલવા કે સીનીયર ઉપવાસીયો બાબતે કોઇ જ સુખદ ઉકેલ ન આવી શક્યો.